| | |
|---|---|
| રજુ કર્યા તારીખ | |
| દાખલ કર્યા તારીખ | |
| ફેંસલ કર્યા તારીખ | ૦૫–૦૯– ૨૦૧૮ |
| સમય ગાળો : | વર્ષ – માસ – દિવસ |
| | – – |

આંક : _____

## અમદાવાદના મહે.એડિ.ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ (કોર્ટ નં.૨૦)
## શ્રી પી.એમ. ઉનડકટ સાહેબની અદાલતમાં, મુ. અમદાવાદ
## ફોજદારી કેસ નંબર : ૨૦૦૦૫૮૩/૧૫

**ફરિયાદી** : શ્રી સરકાર

– : વિરૂધ્ધ : –

**આરોપીઓ** :
(૧) મહેશભાઈ કાંતીભાઈ પ્રજાપતિ,ઉ.૩૧,
(૨) કાંતીભાઈ કીસનાજી પ્રજાપતિ,ઉ.૬૧
રહે. : ૩,ઉપવન બંગલોઝ,નિકોલ–નરોડા રોડ, ઓઢવ, અમદાવાદ
(૩) દશરથભાઈ હંસારામ પ્રજાપતિ,ઉ.૩૪,
રહે. : એ/૧૦૩, આશિર્વાદ ફલેટ, ઓઢવ

**ગુનો** : આઈ.પી.સી.કલમ : ૩૨૩, ૨૯૪(ખ),૫૦૬(૧),૧૧૪
તથા જી.પી.એકટની કલમ : ૧૩૫ (૧) મુજબ

ફરિયાદપક્ષે ... ... વિદ્વાન એ.પી.પી. શ્રી એચ. એસ. પરમાર
બચાવ પક્ષે ... ... વિદ્વાન ધારાશાસ્ત્રી શ્રી આર.એસ.ગજજર

## // ચુકાદો //

।૧। ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, બનાવની તારીખે, સમયે અને સ્થળે આ કામના ફરિયાદી કે જેઓ આરોપીઓની મહેશ વિડીયો લાઈનમાં નોકરી કરતા હોય, બે માસનો પગાર લેવા જતા આરોપીએ, તેં કેબલના વાયર કેમ તોડી નાંખ્યા ? તેમ કહી બિભત્સ ગાળો બોલી, ગડદાપાટુનો માર મારી, બચાવ માટે ફરિ. ઘરે જતા ત્યાં જઈને નં. (૨) નાએ ફરિ.ને લોખંડની પાઈપ વડે તથા નં. (૩) નાએ બેઝબોલ વડે ફરિયાદીને માર મારી, ઈજાઓ કરી ફરિયાદીની માતા તથા મોટાભાઈને જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુનો કરેલ જે અંગેની હાલની ફરિયાદ, ફરિયાદીએ આરોપીઓ વિરૂધ્ધ ઓઢવ પો.સ્ટે. માં આપતાં ઓઢવપો.સ્ટે.સે.ગુના રજી. નંબર : ૩૦૬૯/૧૫ થી આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ : ૩૨૩, ૨૯૪ (ખ),૫૦૬(૧), ૧૧૪ તથા જી. પી. એકટની કલમ : ૧૩૫ (૧) મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ. તપાસ કરનાર અમલદારે તપાસના અંતે ફોજદારી કાર્ય રીતિ સંહિતાની કલમ : ૧૭૩ (૨) અન્વયેનું ચાર્જશીટ ઈન્સાફી કાર્યવાહી માટે આરોપીઓ વિરૂધ્ધ નું કોર્ટમાં રજુ રાખેલ છે.

।૨। આરોપીઓને સમન્સની બજવણી થતાં આરોપીઓ તેમના વિધ્વાન વકીલશ્રીનાઓ મારફતે હાજર થયેલા. તેઓને ચાર્જશીટ તથા પોલીસ તપાસના કાગળોની નકલ વિના મુલ્યે પુરી પાડી આંક : ૩ થી તહોમતનામું ફરમાવી, આંક : ૪ થી સંયુકત નિવેદન લેવામાં આવેલ છે જેમા તેમણે ગુનાનો ઈન્કાર કરેલ છે. બાદ ફરિયાદ પક્ષે પુરાવો શરૂ થાય તે પહેલાં આ કામના પક્ષકારો વચ્ચે ઘરમેળે સમાધાન થઈ જતા તેઓએ આંક : ૮ થી સમાધાન પુરસીસ રજુ રાખેલ છે.

જે અન્વયે ઈ.પી.કો.કલમ : ૩૨૩, ૫૦૬(૧) મુજબના ગુનામાં ક્રિમીનલ પ્રોસી. કોડની કલમ : ૩૨૦ (૧)(૮) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો અને બાકી રહેતા ગુનાઓ પુરતો કેસ આગળ ચલાવવા હુકમ કરવામાં આવેલ છે. બાદ ફરિ. પક્ષે પુરાવો લેવામાં આવેલ છે.

।૩। ફરીયાદપક્ષે આક્ષેપિત ગુનો પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવો :–**

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| (૧) | ફરિયાદી વસંત પ્રતાપજી પ્રજાપતિની જુબાની | ૯ |

**દસ્તાવેજી પુરાવો :–**

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| (૧) | ફરિયાદ | ૧૦ |
| (૨) | મુદ્દામાલ રીકવરી પંચનામું | ૧૧ |
| (૩) | ફરિયાદીને થયેલ ઈજાનું પ્રમાણપત્ર | ૧૨ |
| (૪) | પુરાવા બંધની પુરસીસ | ૧૩ |

।૪। ફરીયાદપક્ષે ફરિયાદીની આંક : ૧૩ ની પુરાવા બંધની પુરસીસ આધારે તથા વિધ્વાન સરકારી વકીલશ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો વંચાણે લેતાં આરોપીઓને ગુનામાં સાંકળતો પુરાવો જણાતો ન હોઈ ફોજદારી કાર્યરીતિ સંહિતા

ની કલમ ૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. બાદ ફરીયાદપક્ષે સરકારી વકીલ શ્રી આર.એસ.પરમારને તથા બચાવ પક્ષે વિધ્વાન ધારાશાસ્ત્રી શ્રી આર.એસ. ગજ્જરને સાંભળ્યા.

।૫। ફરીયાદપક્ષે આરોપીઓ વિરુધ્ધ આક્ષેપિત ગુનો પુરવાર કરવા માટેના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

મુદ્દા નંબર : ૧ શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, બનાવની તારીખે, સમયે અને સ્થળે આ કામના ફરિયાદી કે જેઓ આરોપીઓની મહેશ વિડીયો લાઈનમાં નોકરી કરતા હોય, બે માસનો પગાર લેવા જતા આરોપીએ, તેં કેબલના વાયર કેમ તોડી નાંખ્યા ? તેમ કહી બિભત્સ ગાળો બોલી, ગડદાપાટુનો માર મારી, બચાવ માટે ફરિ. ઘરે જતા ત્યાં જઈને નં. (૨) નાએ ફરિ.ને લોખંડની પાઈપ વડે તથા નં. (૩) નાએ બેઝબોલ વડે ફરિયાદીને માર મારી, ઈજાઓ કરી ફરિયાદીની માતા તથા મોટાભાઈને જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુનો કરેલ કરી ભારતીય દંડ સંહિતા ની કલમ : ૨૯૪ (ખ), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ: ૧૩૫ (૧) મુજબનો ગુનો કરેલ છે ?

મુદ્દા નંબર : ૨ શું હુકમ ?

।૬। ઉપરોકત મુદ્દાઓના નિર્ણય નીચે જણાવેલ કારણો મુજબ આ પ્રમાણે છે.

મુદ્દા નંબર : ૧ નકારમાં,

મુદ્દા નંબર : ૨ આખરી હુકમ મુજબ.

## // **કારણો** //

।૭। આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ : ૨૯૪ (ખ) ૧૧૪ તથા જી.પી.એકટની કલમ : ૧૩૫ (૧) મુજબ શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ છે. ન્યાયશાસ્ત્રના પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર તથા ભારતીય પુરાવા અધિનિયમની કલમ : ૧૦૧ અન્વયે આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપિત ગુનો નિ:શંકપણે પુરવાર કરવાનો બોજો ફરીયાદ પક્ષ ઉપર રહેલ છે. જે સિધ્ધાંતને લક્ષમાં રાખી સદર કામે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન નીચે મુજબ કરવામાં આવેલ છે.

**મુદ્દા નંબર ૧** :–

।૮। સદર કેસમાં ફરિયાદપક્ષના પુરાવાની ચર્ચા કરીએ તે પહેલા રેકર્ડ ઉપરની હકીકત જોઈએ તો આ કામમાં પક્ષકારો વચ્ચે ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે અને તેઓએ આંક : ૮ થી સમાધાન પુરસીસ રજુ રાખેલ છે. જયારે આ કામના ફરિયાદપક્ષે ફરિયાદી વસંતભાઈ પ્રતાપજી પ્રજાપતિને આંક : ૯ થી તપાસતા તેઓ તેમના પુરાવામાં જણાવે છે કે, બનાવ ૨૦૧૫ મા બનેલો. આરોપી ની ચેનલમાં તેઓ નોકરી કરતા હોય, રેગ્યુલર પગાર આપતા ન હોય, તેઓએ નોકરી છોડી દીધેલી પરંતુ તેમના બાકી નીકળતા રૂા.૨૦,૦૦૦/– ના પગારની રકમ લેવા જતા તેઓ જેમતેમ બોલી તેની સાથે ઝઘડો તકરાર કરી તેના

ભાઈ તથા માતાને પણ ધકકા મારેલા. બનાવની તેઓએ ફરિયાદ આપેલી જેમા સહી ઓળખી બતાવી આંક : ૧૦ થી રજુ રાખે છે.મજકુર ફરિયાદી, ફરિયાદ હકીકતને સમર્થન કરતા ન હોય, તેઓને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટ તપાસ કરાતા તેમાંથી કોઈ સમર્થન મળે તેવો પુરાવો ફરિયાદ પક્ષને મળેલો નથી જયારે બચાવપક્ષની ઉલટ તપાસમાં આરોપીઓ સાથે તેઓને રાજીખુશીથી સમાધાન થઈ ગયાનું જણાવે છે.

।૯। આમ, ઉપરોકત ફરિયાદીનો પુરાવો જોતા તેઓ આરોપીની ચેનલમાં નોકરી કરતા હતા અને પૈસા બાબતે તેઓની સાથે ઝઘડો થયેલ. ફરિયાદીનો સમગ્ર પુરાવો જોતા આરોપીઓએ કોઈ હથિયાર વડે માર મારેલ હોય તેવું કયાંય જણાવતા નથી. ઉલ્ટાનું તેઓની વચ્ચે સમાધાન થઈ ગયાનું સ્વીકારે છે. આમ, આ કામના આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપ મુજબનો કોઈ ગુનો પુરવાર થતો નથી અને તેથી, વિશેષ પુરાવો ન લેતા આરોપીઓને દોષમુકત ઠરાવી છોડી મુકવાનું ન્યાયોચિત જણાય છે અને તેથી મુદ્દા નંબર ૧ નકારમાં ઠરાવી મુદ્દા નંબર : ૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## // **આ ખ રી હુકમ** //

:૧: આ કામના આરોપીઓની સામેના ભારતીય દંડ સંહિતાની કલમ : ૨૯૪ (ખ),૧૧૪ તથા બી.પી.એકટની કલમ : ૧૩૫ (૧)મુજબનાં આક્ષેપિત ગુનાના તહોમતમાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ : ૨૪૮ (૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

:૨: આ કામે મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબનો કબજે લેવામાં આવેલ મુદ્દામાલ લોખંડનો પાઈપ તથા બેઝબોલના ડંડાનો અપીલ સમય પુર્ણ થયે નાશ કરવા હુકમ કરવામાં આવે છે.

:૩: આ હુકમ સામે અપીલ અદાલતમાં હાજર રહેવા અંગે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૪૩૭(એ)મુજબ પ્રત્યેક આરોપીએ રૂા.૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો રજુ રાખવા.

આ ઠરાવ આજ તારીખ : ૦૫ મી, માહે : સપ્ટેમ્બર, સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૫-૦૯-૨૦૧૮
અમદાવાદ

**(પિયુષ મહેન્દ્રભાઈ ઉનડકટ)**
GJ00716
એડિશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબર ૨૦, અમદાવાદ

***M.M.DEVANI., P.A.***